# રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ,
# સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર

ક્રમાંક:-એસએજી/રમત/૭૭૧૬/૨૦૧૬
સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત
બ્લોક નં:-૧૪/૩જો માળ,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.
તા.૮ /૦૭/૨૦૧૬.

**વિષય:- ટ્રેનર અને કોચીઝ તરીકેના તાલીમ કોર્ષમાં મહિલાઓ માટે સહાય યોજના**

રમત ગમતમાં ટ્રેનર અને કોચીઝ તરીકે મહિલાઓની વિશેષ જરૂરીયાત છે. રમત-ગમત ક્ષેત્રે ગુજરાતમાં છેલ્લા ૫ વર્ષમાં મહિલાઓએ ખૂબ સારી નામના મેળવી છે, પરંતુ હજીપણ કોચીઝ અને ટ્રેનર તરીકે નોકરી માટે આર્થિક તેમજ સામાજીક કારણોસર મોટા પ્રમાણમાં મહિલાઓ આગળ આવેલ નથી. સરકારશ્રીના મહિલા સશક્તિકરણના અભિગમ અંતર્ગત વિવિધ ક્ષેત્રોમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ જળવાઇ રહે તે માટે યોજનાઓ અમલમાં છે. સરકારી નોકરીમાં મહિલા માટે પણ ૩૩% જગ્યા અનામત ફાળવવામાં આવી છે. રમત-ગમત ક્ષેત્રે પણ પૂરતા પ્રમાણમાં ટ્રેનર અને કોચીઝ મળી રહે તે માટેના અભ્યાસક્રમ માટે મહિલાને સરકારી સહાયની આવશ્યકતા રહે છે.

આ અંતર્ગત સરકારશ્રીના રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના તા.૨૮/૦૪/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક:એસ.એ.જી/૧૦૨૦૧૫/૨૧૮૬/બ, પ્રમાણે મહિલાઓને કોચીઝ અને ટ્રેનર તરીકે તૈયાર કરવા માટે નીચે મુજબની માન્ય સંસ્થામાં દર્શાવેલ માન્ય કોર્ષ માટે સહાય અંગેની યોજના મંજુર કરવામાં આવશે.

| ક્રમ | સંસ્થાનું નામ | માન્ય કોર્ષ |
|---|---|---|
| ૧ | સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સીટી, ગાંધીનગર | ૧. પી.જી ડિપ્લોમા ઇન સ્પોર્ટસ કોચીંગ<br>૨. ડિપ્લોમા ઇન સ્પોર્ટસ કોચીંગ<br>૩. એમ.એસ.સી ઇન સ્પોર્ટસ કોચીંગ<br>૪. પી.જી.ડિપ્લોમા ઇન સ્પોર્ટસ મેડિસીન |
| ૨ | નેતાજી સુભાષ નેશનલ ઇન્સ્ટીટ્યુટ ઓફ સ્પોર્ટસ પટિયાલા તથા તેની તમામ શાખાઓ | |
| ૩ | લક્ષ્મીબાઇ નેશનલ ઇન્સ્ટીટ્યુટ ઓફ ફીઝીકલ એજ્યુકેશન, ગ્વીલીયર તથા તેની તમામ શાખાઓ | |

## પાત્રતા અંગેની શરતો

- જે તે મહિલા ગુજરાત રાજયના વતની હોય અને ડોમીસાઇલ સર્ટીફીકેટ ધરાવતા હોવા જોઇએ.
- જે તે લાભાર્થી કોર્ષ માટેની ન્યુનતમ લાયકાત ધરાવતા હોવા જોઇએ.
- ઉપરોકત માન્ય કરેલ સંસ્થા અને કોર્ષીસ માટે સહાય ચુકવવામાં આવશે.
- ઉપરોકત માન્ય સંસ્થાઓ અને કોર્ષીસમાં વખતો વખત નવા કોર્ષને પણ માન્યતા આપી શકાશે.
- વિદેશમાં ચાલતા કોર્ષની સરકારશ્રી દ્વારા મંજુરી લેવાની રહેશે.
- આ યોજનાના સંચાલન માટે નીચે મુજબની સમિતીની રચના કરવામાં આવેલ છે.

| ક્રમ | નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | માન.મંત્રીશ્રી(રા.ક), રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર | અધ્યક્ષશ્રી |
| ૨ | સચિવશ્રી, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર | સભ્યશ્રી |
| ૩ | ડાયરેક્ટર જનરલશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર | સભ્યશ્રી |
| ૪ | વાઇસ ચાન્સેલરશ્રી, સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સીટી, ગાંધીનગર | સભ્યશ્રી |
| ૫ | નાયબ સચિવશ્રી, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર | સભ્યશ્રી |
| ૫ | નાણાં સલાહકારશ્રી, રમત-ગમત, ગાંધીનગર | સભ્યશ્રી |
| ૬ | મુખ્ય કોચશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર | સભ્ય સચિવશ્રી |

- સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા વર્તમાન પત્રમાં આવેલ જાહેર ખબર મુજબ અરજી કરવાની રહેશે.
- નિયત નમૂના પ્રમાણે અરજી કરવાની રહેશે.
- જો કોઇ વિદ્યાર્થી કોઇ કારણસર અરજી ન કરી શકે તો તે પાછળથી અરજી કરી શકશે.
- સહાયની રકમ અને લાભાર્થીના નામ સમીતિ દ્વારા નક્કી કરવામાં આવશે.
- અનુસુચિત જાતિ માટે ૭.૦૯ ટકા અને અનુસુચિત જનજાતિ માટે ૧૭.૫૭ ટકાની અનામત રાખવામાં આવશે, પરંતુ આ જાતિના ઉમેદવાર ન મળે તો અન્ય જાતિના ઉમેદવારને તે અનામત સહાયનો લાભ આપવામાં આવશે.
- વિકલાંક મહિલાઓને પણ આ યોજનાનો લાભ આપવામાં આવશે.

ડાયરેકટર જનરલ
સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત
ગાંધીનગર

# સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા પી.જી. ડિપ્લોમા ઇન સ્પોર્ટસ કોચીંગ/ ડિપ્લોમા ઇન સ્પોર્ટસ કોચીંગ/ એમ.એસ.સી. ઇન સ્પોર્ટસ કોચીંગ / પી.જી. ડિપ્લોમા ઇન સ્પોર્ટસ મેડીસીનના કોર્ષ માટે મહિલા સહાય અંગેનું નિયત પત્રક

પ્રતિ,
સચિવશ્રી,
સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત,
બ્લોક નં.૧૪, ૩જો માળ,
ડો.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર - ૩૮૨ ૦૧૦.

| પાસપોર્ટ સાઇઝનો ફોટો |
|---|

વિષયઃ વર્ષઃ .................................. માં પી.જી. ડિપ્લોમા ઇન સ્પોર્ટસ કોચીંગ/ડિપ્લોમા ઇન સ્પોર્ટસ કોચીંગ/એમ.એસ.સી.ઇન સ્પોર્ટસ કોચીંગ/પી.જી. ડિપ્લોમા ઇન સ્પોર્ટસ મેડીસીનના કોર્ષ માટે મહિલા સહાય મેળવવા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે હું ............................................................ સંસ્થામાં તા.................... થી તા...................... સુધીના સમયગાળા માટેનો ........................ ........................................................................... કોર્ષ કરી રહી છું./કરવા ઇચ્છુ છું. આ અંગેની મળવાપાત્ર સહાય મંજુર કરવા વિનંતી.

(૧) ખેલાડીનું નામ :-

(૨) જન્મતારીખ-

(૩) સંપર્ક નંબર :-

(૪) ઇ-મેઇલ આઇ.ડી. :-

(૫) પિતા/પતિનું નામ :-

(૬) વાર્ષિક આવક :-

(૭) સંપર્ક નંબર :-

(૮) હાલનું સરનામું :-

(૯) કાયમી સરનામું :-

(૧૦) જાતિ :- એસ.સી./એસ.ટી./ઓ.બી.સી/જનરલ (પુરાવો રજુ કરવો)

(૧૧) કોર્ષની વિગત :-

| ક્રમ | સંસ્થાનું નામ | લાગુ પડતું હોય ત્યાં √ કરવું. | કોર્ષની વિગત | લાગુ પડતું હોય ત્યાં √ કરવું. |
|---|---|---|---|---|
| ૧ | સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી, ગાંધીનગર | | ૧. પી.જી. ડિપ્લોમા ઇન સ્પોર્ટસ કોચીંગ<br>૨.ડિપ્લોમા ઇન સ્પોર્ટસ કોચીંગ<br>૩.એમ.એસ.સી. ઇન સ્પોર્ટસ કોચીંગ<br>૪. પી.જી. ડિપ્લોમા ઇન સ્પોર્ટસ મેડિસીન | |
| ૨ | નેતાજી સુભાષ નેશનલ ઇન્સ્ટીટયુટ ઓફ સ્પોર્ટસ પતિયાલા તથા તેની તમામ શાખાઓ | | | |
| 3 | લક્ષ્મીબાઇ નેશનલ ઇન્સ્ટીટયુટ ઓફ ફીઝીકલ એજયુકેશન, ગ્વાલિયર તથા તેની તમામ શાખાઓ | | | |

(૧૨) રમતનું નામ :-

(૧૩) શૈક્ષણિક લાયકાત :-

(૧૪) ખેલાડી તરીકેની રાષ્ટ્રકક્ષાએ સિધ્ધી :-

| ક્રમ | સ્પર્ધાનું નામ | સ્પર્ધાનું સ્થળ | સ્પર્ધાની તારીખ | આયોજક સંસ્થા | ઇવેન્ટ | મેળવેલ ક્રમ | વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | |

(૧૫) આંતર રાષ્ટ્રીયકક્ષાએ મેળવેલ સિધ્ધીની વિગત:-

| ક્રમ | સ્પર્ધાનું નામ | સ્પર્ધાનું સ્થળ | સ્પર્ધાની તારીખ | આયોજક સંસ્થા | ઇવેન્ટ | મેળવેલ ક્રમ | વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | |

(૧૬) કોર્ષ અંગેનો અંદાજીત ખર્ચ

| ક્રમ | વિગત | અંદાજીત રકમ | સહાયની જરૂરી રકમ |
|---|---|---|---|
| ૧ | શૈક્ષણિક ફી | | |
| ૨ | નિવાસ ખર્ચ | | |
| 3 | ભોજન ખર્ચ | | |
| ૪ | અન્ય ખર્ચ (વિગત દર્શાવવી) | | |
| કુલ ખર્ચ | | | |

(૧૭) પત્રક સાથે જોડવામાં આવેલ આધાર પુરાવાની વિગત:-

* નોંધઃ- દરેક આધાર પુરાવાની ઝેરોક્ષ નકલ સક્ષમ અધિકારી દ્વારા પ્રમાણિત કરવાની રહેશે.

(૧)

(૨)

(૩)

(૪)

(૫)

(૧૮) બાંહેધરી :-

પત્રકમાં દર્શાવેલ સમગ્ર વિગત સત્ય છે અને આ અંગેની સંપૂર્ણ જવાબદારી મારી રહેશે. જો દર્શાવેલ વિગત અસત્ય જણાશે તો આ અંગેની કાયદેસરની કાર્યવાહી થવા યોગ્ય રહેશે.

ખેલાડીની સહી

ખેલાડીનું નામ / સરનામું

(૧૯) પસંદગી સમિતિનો અભિપ્રાય :-